UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૧૭, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૨



## ચારણકા સોલાર પાર્ક અનેક સ્થળોએ કરવા જોઈએ : ડૉ. અબ્દુલ કલામ



**યુજીવીસીએલનો અદ્‌ભૂત આવિષ્કાર એટલે પાયલોટ એડ્‌વાન્સ્ડ ટ્રાન્સફોર્મર PAT**

**ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો 'ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨'**



વર્ષ-૨ અંક-૧૭, ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૧૨
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**

શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**

શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**

શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એસ. એચ. શાહદાદપુરી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. એમ. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**

www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૧૨/૨૦૧૨

## આ અંકમાં

**મુલાકાત**
ચારણકા સોલાર પાર્ક અનેક સ્થળોએ કરવા જોઈએ : ડૉ. અબ્દુલ કલામ........ ૦૪
**અવિષ્કાર**
પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (ડ્અઝ) ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં વીજ વિતરણનો એક અદ્‌ભુત આવિષ્કાર.................................. ૦૬
**લોકાર્પણ**
મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ચોરીવાડ પેટા વિભાગીય કચેરીના નવ નિર્મિત મકાનનું લોકાર્પણ.................................. ૦૮
**એવોર્ડ**
ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો 'ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨'.................. ૦૯
**સંક્ષિપ્ત સમાચાર**
નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભનું આયોજન........................ ૧૦
મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ઓગણજ ખાતે સેક્શન ઓફિસનું લોકાર્પણ....... ૧૦
મન જાગૃત મહિલા મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન................ ૧૧
સાબરમતી સર્કલ દ્વારા રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન...................... ૧૧
**સ્પોટર્સ**
ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ પ્રથમ વાર ઉત્તર ગુજરાત વીજ કંપની ચેમ્પિયનદક્ષિણ ગુજરાત વીજ કંપની રનર્સ-અપ.......................... ૧૨
ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં સતત બીજા વર્ષે દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન જ્યારે યુજીવીસીએલ રનર્સ-અપ...................... ૧૪
ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હિંમતનગર ચેમ્પિયન પાલનપુર રનર્સ અપ.... ૧૬
સાતમી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સીંધી, નાયબ ઈજનેર કોર્પોરેટ ઓફિસ મહેસાણા.................................. ૧૯



**આપણી કંપનીને 'ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨' મળ્યો છે તે બદલ આપ સર્વેને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. કંપની આ સિદ્ધિ સૌની નિષ્ઠા અને કાર્યદક્ષતાને કારણે મેળવી શકી છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

'આપણું યુજીવીસીએલ'ના આ અંકના સમયગાળા દરમિયાન, આપણે ગુજરાતી અને અંગ્રેજી બંને કેલેન્ડર પ્રમાણે નવા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

ગુજરાતી વિક્રમ સંવત ૨૦૬૮ની વિદાય બાદ આપણે વિક્રમ સંવત ૨૦૬૯માં મંગલ પ્રવેશ કર્યો છે, જ્યારે અંગ્રેજી વર્ષ પ્રમાણે ૨૦૧૨નું વર્ષ વિદાઈ લઈ રહ્યું છે. આવનાર વર્ષ આપ સૌ માટે મંગલકારી નીવડે અને આપ સર્વે આપની અપેક્ષાઓ પરિપૂર્ણ કરી સિદ્ધિનાં સોપાનો સર કરો તેવી અભિલાષા વ્યક્ત કરું છું.

ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે ''ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨'' આપણી કંપનીને મળ્યો છે તે બદલ આપ સર્વેને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. કંપની આ સિદ્ધિ સૌની નિષ્ઠા અને કાર્યદક્ષતાને કારણે મેળવી શકી છે.

તાજેતરમાં આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ માનનીય એ.પી.જે. અબ્દુલ કલામે ચારણકા, સોલારપાર્ક ખાતે મુલાકાત લીધી જે કંપની માટે પ્રોત્સાહક રહી છે.

મિત્રો, આપણી કંપનીના ઇજનેરો દ્વારા વખતોવખત ગ્રાહકોને કેન્દ્રમાં રાખીને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જેના ભાગ રૂપે એગ્રિકલ્ચર ફીડરમાં સતત સિંગલ ફેઇઝ વીજ પુરવઠો પૂરો પાડવા માટે પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સ્ફોર્મર (PAT)નો આવિષ્કાર કરવામાં આવ્યો છે, જેના પેટન્ટના રજિસ્ટ્રેશનની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આગામી દિવસોમાં આ સંશોધન સમગ્ર ભારતમાં વીજ વિતરણ ક્ષેત્રે ગુજરાતને તેમજ આપણી કંપનીને ગૌરવ અપાવશે તેવી મને આશા છે.

રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ લક્ષ્યો સિદ્ધ કરવા માટે આપ સૌને કટિબદ્ધ રહેવા હું અનુરોધ કરું છું.

**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૧૨-૨૦૧૨**

# ચારણકા સોલાર પાર્ક અનેક સ્થળોએ કરવા જોઈએ : ડો. અબ્દુલ કલામ








પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકાની સરહદે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડે ચારણકા ખાતે એશિયાના સૌથી મોટા સોલાર પાર્ક દ્વારા સમગ્ર ભારતમાં સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેના પ્રભાવથી આકર્ષાઈને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ માનનીય ડો. એ. પી. જે. અબ્દુલ કલામે તારીખ ૧૦-૧૧-૨૦૧૨ના રોજ પ્રોજેક્ટની મુલાકાત લઈ સૌર ઊર્જા પેદા કરવાના પ્રયાસને બિરદાવ્યો અને સમગ્ર ભારતમાં ઠેર ઠેર આવા પ્રોજેક્ટો અમલમાં મુકવા અનુરોધ કરેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે શ્રી કલામ સાહેબનું ઉષ્માસભર સ્વાગત કરી અમદાવાદ એરપોર્ટ પરથી સીધા ચારણકા ખાતે બે વાગ્યે પ્રયાણ કરેલ. સમગ્ર પ્રોજેક્ટની હેલિકોપ્ટર ઉતરાણ પહેલા હવાઈ નિરિક્ષણ કરેલ. યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા તેઓશ્રીને સમગ્ર પ્રોજેક્ટની માહિતી પૂરી પાડેલ. બપોરે બે વાગ્યે હેલી પેડ પર ઉતરાણ કર્યુ તે સમયે સરકારી મહેમાન હોવાને કારણે રાજ્ય સરકારમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના અગ્રસચિવ શ્રી ડી. જે. પાંડિયન દ્વારા પ્રોટોકોલને અનુલક્ષીને ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવેલ. સાંજના ૪:૩૦ વાગ્યા સુધી સાથે રહીને મહત્ત્વના સોલાર પ્રોજેક્ટની મુલાકાત કરેલ. તેમ જ વિવિધ પ્લાન્ટોના માલિકો, ઊર્જાક્ષેત્રના તજજ્ઞો તથા ઈજનેરો સાથે સીધા સંવાદ કરેલ.

વાર્તાલાપ બાદ ચારણકાના સ્થળે આવેલ ટાવર ઉપર જઈને અફાટ રણ અને વિશાળ ભૂમિ પર આકાર લીધેલ સોલાર પ્રોજેક્ટના





દૂરના સ્થળો દૂરબીન વડે નિહાળી ઝીણાવટભરી માહિતી મેળવેલ. તેમજ નજીકના બીજા વિસ્તારો, આંતરરાષ્ટ્રીય બોર્ડર, પાકિસ્તાનનું અંતર તેમ જ આ વિસ્તારની ભૌગોલિક માહિતી મેળવેલ.

શ્રી કલામે પ્રશ્નોત્તરી બાદ પોતાના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ દ્વારા પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરી પ્રોજેક્ટ વિશે પોતાનું મંતવ્ય રજૂ કરેલ. જ્યાં માત્ર બીનઊપજાઉ જમીન હતી તેવી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરી આ પ્રકારના પ્રોજેક્ટ માટેની પસંદગીની સરાહના કરી તેઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ખાતેના પ્રવચન દરમ્યાન સોલાર પાર્કનું પ્રેઝન્ટેશન કરશે તેવું જણાવેલ.

સોલાર પાર્કમાં આવેલ પ્લાન્ટોના માલિકો અને ઇજનેરો સાથેના વાર્તાલાપ દરમ્યાન તેમણે જણાવ્યું કે આ પ્રોજેક્ટથી કાર્બન ઓછો થઈ જશે જેમાંથી પ્રદૂષણમાં નિયંત્રણ તથા પર્યાવરણમાં ઓક્સિઝનની વૃદ્ધિ થશે જેથી શક્ય હોય તેવા બીજા સ્થળોએ આ પ્રમાણે બીજા પ્રોજેક્ટો ઊભા કરવા જોઈએ. તેઓએ કહ્યું હતું કે આઈસલેન્ડમાં ભૂગર્ભમાંથી નીકળી રહેલ ગરમ પાણીમાંથી ૩૦૦ મેગાવોટ વીજળી ઉત્પન કરવામાં આવે છે, આવો પ્લાન્ટ ભારતમાં થાય તે માટે પોતાનું મંતવ્ય રજૂ કરેલ. આ સાથે તેઓએ સોલારથી થતા ફાયદાઓની વિસ્તૃત છણાવટ કરેલ.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવ શ્રી ડી. જે. પાંડિયન, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એસ. કે. નેગી, સોલાર પાર્કના એડ્વાઇઝર એન્ડ ડિરેક્ટર શ્રી પી. એચ. રાણા, પ્રોજેક્ટ ઇન્ચાર્જ શ્રી ભરતભાઈ ગૌસ્વામી, જિલ્લા પોલિસ અધિક્ષક શ્રી એમ. એસ. ભરાડા, પ્લાન્ટના માલિકો, ઊર્જાક્ષેત્રના તજજ્ઞો, ઇજનેરોએ હાજરી આપી હતી. ગુજરાત પાવર કોર્પોરેટ લિમિટેડ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરેલ. ■

# પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) : ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં વીજ વિતરણનો એક અદ્ભુત આવિષ્કાર



**આવિષ્કારના પ્રણેતા**
**શ્રી આર. બી. પટેલ,**
**નાયબ ઈજનેર, સર્કલ ઓફિસ, મહેસાણા**

શરૂઆતમાં ગુજરાતમાં જ્યારે પૂરતો વીજ પુરવઠો ઉપલબ્ધ હતો અને પાવર જરૂરિયાત સીમિત હતી ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક થ્રી-ફેઈઝ વીજ પુરવઠો આપવામાં આવતો (૮૦ના દાયકા સુધી), પરંતુ પાવર જરૂરિયાત વધતી ગઈ, વધતી પાવર જરૂરિયાતને પહોંચી વળવા વીજ ઉત્પાદન પૂરતુ નહોતું. માગ અને પુરવઠાની ખાઈ વધતી ગઈ અને આ સ્થિતિમાં વીજ માગને પહોંચી વળવું મુશ્કેલ બનતું ચાલ્યું. ગામડાઓ અને ખેતીવાડીના પંપ સેટ ગ્રામ્ય ફીડરો ઉપર જોડાયેલા હતા. ગ્રામ્ય વિસ્તારના ફીડરો ઉપર વીજ કાપ અમલી બન્યો.

વીજ માગને પહોંચી વળવા સિંચાઈના પંપ સેટ ચલાવવા માટે આપવામાં આવતા થ્રી-ફેઇઝ પાવરમાં કાપની શરૂઆત થઈ. હવે ૮થી ૧૪ કલાક થ્રી-ફેઈઝ પાવર અને ૧૦થી ૧૨ કલાક ગામોમાં ઘરવપરાશ માટે સીંગલ ફેઇઝ પાવર આપવા માટે સબસ્ટેશનમાંથી એક ફેઇઝ કાપી બે ફેઇઝ આપવાનું શરૂ કર્યુ. આ પદ્ધતિથી ગામોમાં વીજ વિતરણ ટ્રાન્સફોર્મર ઉપર એક જ ફેઇઝમાં ફુલ વોલ્ટેજ મળતા જેથી એમાં સુધારો કરી ફેઇઝમાં ફુલ વોલ્ટેજ મળી રહે એ રીતે સબસ્ટેશનમાંથી એક ફેઇઝ કાપી અને બીજા ફુલ ફેઇઝ સાથે લુપ મારીને આપવાનું શરૂ કર્યું જેથી હવે બે ફેઇઝ ફુલ મળતા થયા.

આ વ્યવસ્થા સાથે ગામોમાં વીજ વિતરણની વ્યવસ્થા થોડે ઘણે અંશે સુધરી, પરંતુ એક મોટા દૂષણની શરૂઆત થઈ. ૩ ફેઇઝકન્વર્ટર (ટેટા)નો ઉપયોગ કરી સીંગલ ફેઇઝ પાવર સપ્લાય દરમ્યાન પણ ખેતીવાડીના પંપ સેટ ચલાવવાનું દૂષણ શરૂ થયું. જેથી ખેતીવાડીમાં ના પહોંચી શકાય તે હદ સુધી વીજ માગ ઊભી થઈ, જેનાથી ટ્રાન્સફોર્મર બળવાનો રેટ વધ્યો, લો વોલ્ટેજની સ્થિતિ ઊભી થઈ, વીજ રેખાઓ ઉપર મર્યાદા કરતા વધારે ભારણ થતાં વીજ રેખાઓ ઓગળીને તુટવા માંડ્યા અને વીજ વિતરણ મુશ્કેલ બન્યું.

વિદ્યુત બોર્ડો ઉપર આર્થિક ભારણ વધ્યું અને વિદ્યુતબોર્ડોખોટમાંઉતરતાંગયાં,જેથીગ્રામ્યફીડરો સીંગલ ફેઇઝ દરમ્યાન નક્કી કરેલા લોડ કરતાં વધે ત્યારે ફરજિયાત બંધ કરવાની જરૂરિયાત ઊભી થઈ. જેથી સાંજના અને સવારના મહત્ત્વના સમયે જ ગામોમાં અંધારપટ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ. સાંજના વાળુ સમયે અને સવારે ભેંસો દોહવાના સમયે જ ગામડાઓ વીજળીથી વંચીત બન્યાં. જેને લીધે ગ્રામ્ય વીજ ગ્રાહકોનો અસંતોષ વધતો ગયો.

સીંગલ ફેઇઝ વીજ વિતરણની ઉપર મુજબની વ્યવસ્થા ચાલી શકે તેમ ન હતી. બીજી બાજુ ફેઇઝ કન્વર્ટર (ટેટા)ના દૂષણ ઉપર કાબુ મેળવવા અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રાત-દિવસ ચેકિંગ કરી અથાગ પ્રયત્નો કર્યા, પરંતુ પરિસ્થિતિ કાબુ કરવી મુશ્કેલ બની. વીજ વિતરણનો કાયમી ઉકેલ શોધવો જરૂરી હતો.

ગુજરાત સરકારની મજબૂત રાજકીય ઈચ્છા શક્તિએ એ માટેની એક દિશા આપી, ગુજરાતના સ્વપ્નદષ્ટા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગામડાઓ માટે ખાસ ફીડરો ઊભા કરી ગામના ફીડરો જુદાં અને ખેતીવાડીના ફીડરો જુદાં કરવા માટેની એક મહત્ત્વાકાંક્ષી જ્યોતિગ્રામ યોજનાનો આવિષ્કાર કર્યો. ગુજરાત સરકારની મજબૂત રાજકીય ઈચ્છા શક્તિ અને નાણાંના સહયોગ અને અધિકારીઓ-કર્મચારીઓના સખત પરિશ્રમના પરિપાકરૂપે ગુજરાતનાં ગામડાઓ પણ અવિરત થ્રી-ફેઇઝ ૨૪ કલાક વીજળીથી ઝળહળતાં થયાં.

હવે ગામડાં તો ૨૪ કલાક થ્રી-ફેઇઝ પાવરથી ઝળહળતાં થયા, પરંતુ ખેતીવાડી ફીડરોને ૮ કલાક થ્રી-ફેઇઝ પાવર આપી બંધ કરી દેવામાં આવ્યાં. જેથી ખેતરોમાં, છૂટાછવાયા ફાર્મહાઉસમાં રહેતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા. તેઓ બધા ૧૬ કલાક બિલકુલ વીજળીથી વંચિત બન્યા, જેને લીધે બાળકોને અભ્યાસમાં મુશ્કેલી પડવા લાગી. જે આપણા માટે અને સરકાર માટે એક ચિંતાનો વિષય બની ગયો - ખેતરોમાં રહેતા પરિવારોને પણ ૨૪ કલાક વીજળી કઈ રીતે આપવી? જો જૂની એક ફેઇઝ કાપીને અપાતી વિતરણ વ્યવસ્થાનો અમલ કરવામાં આવે તો ફરી પાછું ટેટાનું દૂષણ નાથવું મુશ્કેલ બની જાય અને ફરી પાછી વીજ વિતરણ વ્યવસ્થા પડી ભાંગે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય.

૩ ફેઇઝકન્વર્ટર (ટેટા)નો પણ કંન્ટ્રોલ કરી શકાય અને ૨૪ કલાક વીજ પુરવઠો આપી શકાય એવી કોઈ પદ્ધતિ વિકસાવવી જરૂરી બની. જરૂરિયાત એ શોધખોળની માતા છે, એ ન્યાયે પ્રયોગોની શરૂઆત થઈ અને રાત દિવસની મહેનત પછી આપણે જ આપણી પોતાની રીતે

કોઈ પણ પ્રકારના બહારના ટેક્નિકલ સહયોગ વિના એક ટ્રાન્સટોર્મરની ડિઝાઈન કરી, જેને સ્પેશિયલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT) નામ આપવામાં આવ્યું. એક અદ્વિતિય પદ્ધતિનો આવિષ્કાર કર્યો અને તેનો સફળતાપૂર્વક અમલ કર્યો. જેનાથી ખેતરોમાં રહેતા પરિવારોને પણ ૨૪ કલાક વીજ પુરવઠો ઉપલબ્ધ કરી શકાયો અને ગુજરાતને સમગ્ર રાષ્ટ્રમાં વીજ વિતરણની બાબતે એક નંબરે મૂકી દીધું. આજ સુધી આવી વીજ વતરણની વ્યવસ્થા કોઈ રાજ્યમાં નથી. યુજીવીસીએલના સદર આવિષ્કારની ગુજરાત ઊર્જા વિકાસ નિગમ વતી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પેટન્ટ લેવામાં આવેલ.

સમગ્ર રાષ્ટ્રનાં જુદાં જુદાં રાજયોના વીજ ક્ષેત્રના સત્તાધિશો અને નિષ્ણાતો આપણી જયોતિગ્રામ યોજના અને સ્પેશિયલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT)નો અભ્યાસ કરવા આવવા માંડ્યાં. આપણી ગ્રામ્ય વિસ્તારની વીજ વિતરણની વ્યવસ્થા જોઈ તેઓ ખૂબ જ પ્રભાવિત થયેલ.

દિનપ્રતિદિન ફાર્મ હાઉસના વીજજોડાણો અને તેમનો વીજભાર વધતાની સાથે સ્પેશિયલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT) ઉપર પણ ભારણ વધ્યું અને તેની અર્થિંગની મર્યાદાના કારણે ક્ષમતા વધારવી હિતાવહ નહોતી. તેથી માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમારના માર્ગદર્શન અને સૂચના અનુસાર સ્પેશિયલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોર્મર (SDT)ની મર્યાદાનું નિરાકરણ મળે તેવી પદ્ધતિ વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી અને પરિણામજન્ય મહેનતના અંતે અર્થિંગની મર્યાદાના નિરાકરણરૂપે શ્રી હરેન્દ્રભાઈ શુક્લ, મેસર્સ વિદ્યા ઈલેટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર અને શ્રી આર. બી. પટેલ, નાયબ ઈજનેરના રિસર્ચ અને ડેવલોપમેન્ટના સહિયારા પુરુષાર્થના પરિપાકરૂપે બીજા એક ટ્રાન્સફોર્મરની રચના કરી જેનું નામ પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) આપવામાં આવ્યું અને તા.૧૭/૪/૨૦૧૨ના રોજ ૬૬ કેવી અમીરગઢ સબસ્ટેશન (પાલનપુર)ના ૧૧ કેવી ખુણીયા ફીડર ઉપર સફળ ઈન્સ્ટોલેશન કરી ચાલુ કરવામાં આવ્યું. જે આજ દિન સુધી સફળતાપૂર્વક કામગીરી કરી રહેલ છે.

આમ આપણા ગ્રાહકલક્ષી રિચર્સ અને ડેવલપમેન્ટ અંગેના સતત પ્રયત્નોના ભાગરૂપે એક નવું સોપાન સર કરી શક્યા છીએ. પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT) આવિષ્કારથી હવે અર્થિંગના સંવેદનશીલ મુદ્દા અને ક્ષમતાની મર્યાદાનો ઉકેલ મળી ગયેલ છે. પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT)ની યુજીવીસીએલ અને મેસર્સ વિદ્યા ઈલેટ્રોટ્રાન્સ ઈન્ડસ્ટ્રીઝના નામે જોઈન્ટ પેટન્ટ એપ્લિકેશન રજીસ્ટર્ડ કરવામાં આવી.



SDT/PATની વીજ વિતરણ પદ્ધતિ ઉપર પ્રયોગો દ્વારા આપણે સાબિત કર્યું છે કે આ પદ્ધતિ દ્વારા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરના લોડ લોસમાં થતા ઘટાડાના કારણે ૬૬% સુધી વીજ બચત થાય છે. થ્રી-ફેઈઝ કન્વર્ટર (ટેટા)ના કારણે થતા પાવર વપરાશને ગણત્રીમાં ના લઈએ તો પણ ફીડર ઉપર ઓવરઓલ ૩૦% વીજ બચત થાય છે અને જો થ્રી-ફેઈઝ કન્વર્ટર (ટેટા) દ્વારા થતા વીજળીના દૂરોપયોગને ધ્યાનાં લેવામાં આવે તો ૯૦% સુધીની વીજ બચત થાય છે. આ વીજ બચતના કારણે જયોતિગ્રામ જેવી મહાકાય યોજના પૂરી કરવામાં ખર્ચાયેલ રૂા.૧૨૯૦/- કરોડ ફક્ત બે વર્ષના ટૂંકા ગાળામાં જ વીજ બચતરૂપે પરત (પે-બેક) મળી ગયા.

આમ સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત જ એવું રાજ્ય બન્યું છે કે જે છેવાડાના ગામડાઓમાં અંતરીયાળ પેટાપરા, ફાર્મ હાઉસ અને છૂટાછવાયા ખેતરોમાં રહેતા દરેક પરિવારને ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડે છે અને તે પણ કોઈ પણ પ્રકારના વીજ કાપ સિવાય પૂરો પાડવામાં આવે છે. જે આપણા માટે ગૌરવની બાબત છે.

તા. ૨૧ અને ૨૨ નવેમ્બર, ૨૦૧૨ના રોજ દિલ્હી ખાતે પાવર લાઈનની પાવર ડિસ્ટ્રિબ્યુશન ઈન ઈન્ડિયા વિષય ઉપર ૭મી રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયેલ હતી. આ પરિસંવાદમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર આપણા ઉપરોક્ત આવિષ્કાર બાબતે શ્રી આર. બી. પટેલ અને શ્રી એ. આર. વખારીયા દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. જુદાં જુદાં રાજ્યમાંથી આવેલા વીજક્ષેત્રના તજજ્ઞો ખૂબ જ પ્રભાવિત થયેલ અને પ્રશ્નોત્તરી દરમિયાન રસપ્રદ પ્રશ્નનો પૂછવામાં આવેલ જેની સંપૂર્ણ રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવેલ. કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની આગવી સૂઝ અને માર્ગદર્શનની લીધે આપણી કંપની દ્વારા આપણે સમગ્ર રાષ્ટ્રને વીજ વિતરણ પદ્ધતિ અને આપણા આવિષ્કારને પહોંચાડી શક્યા છીએ. જે સમગ્ર રાષ્ટ્ર માટે દિવા દાંડી સમાન બની રહેશે. ■

# મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ચોરીવાડ પેટા વિભાગીય કચેરીના નવ નિર્મિત મકાનનું લોકાર્પણ

તારીખ ૨૬-૦૯-૨૦૧૨ના રોજ ચોરીવાડ પેટા વિભાગીય કચેરીના નવ નિર્મિત મકાનનું લોકાર્પણ માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી ડી. એસ. પટેલ વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી જે. એમ. મોચી, શ્રી પી. જે. ત્રિવેદી તથા શ્રી એ. એમ. શાહ અધિક્ષક ઇજનેરની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ સમયે વિશાળ સંખ્યામાં ચોરીવાડ વિભાગીય કચેરી હેઠળનાં ગામોના ગ્રામજનો, સરપંચો, હિંમતનગર સર્કલના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહેલ.

સર્વ પ્રથમ ચોરીવાડ ગામની બાળાઓ દ્વારા પ્રાર્થનાગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ, ત્યારબાદ મંચ ઉપર ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. અધિક્ષક ઇજનેરશ્રી એ. એમ. શાહે પ્રસંગને અનુરૂપ સ્વાગત પ્રવચન કરેલ. અરવલ્લી ગિરિરાજની સોડમાં પવિત્ર યાત્રાધામ ચંપેશ્વર,








વિરેશ્વરના સાનિધ્યમાં શોભતા ચોરીવાડના આંગણે પધારેલ મોંઘેરા મહેમાનોને હિંમતનગર વર્તુળ કચેરી વતી ભાવપૂર્વક આવકારેલ તથા ચોરીવાડ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતાં ગામોમાંથી પધારેલ આમંત્રિત સરપંચશ્રીને હૃદયપૂર્વક આવકારેલ. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ સહિતના મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ. આ પ્રસંગે ચોરીવાડથી પેટા વિભાગીય કચેરી ખાતેથી ફરજ બજાવીને નિવૃત્ત થઈ ચુકેલ શ્રી એમ. એચ.પાટીલ, નાયબ ઇજનેરનું તેમની અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ અને હાલના યુજીવીસીએલમાં પ્રસંશનીય કામગીરીને ધ્યાનમાં રાખીને ફુલછડીથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મંચ ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવેલ. કાર્યપાલક ઇજનેરશ્રી પી. બી. પંડ્યા દ્વારા મંચ પર બિરાજમાન મહેમાનોને આવકારવામાં આવેલ તેમજ તેઓ દ્વારા ભિલોડા ડિવિઝન તેમજ ચોરીવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા સિદ્ધ કરવામાં આવેલ લક્ષ્યાંકોને લગતી વિસ્તૃત રજૂઆત કરવામાં આવેલ. મુખ્ય ઇજનેર શ્રી ડી.સી. પરમાર દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન કરવામાં આવેલ. લક્ષ્યાંકો તેમજ ગ્રાહકલક્ષી યોજના અંગે માહિતી આપેલ, ત્યારબાદ સમારંભના પ્રમુખ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે તેમની આગવી શૈલીમાં પ્રવચન કરેલ, જેમાં તેમણે ચોરીવાડ ગામ, રસ્તા, પહાડી વિસ્તાર વગેરેનાં ખૂબ વખાણ કરેલ. તેમજ ગ્રાહકલક્ષી યોજનાઓ અંગે માહિતી આપી ગુજરાતી ભાષામાં વિસ્તૃત છણાવટ કરેલ. જેને ઉપસ્થિત આમંત્રિત ગ્રામજનો તેમજ અધિકારીઓએ તાળીઓથી વધાવેલ. સમારંભના અંતમાં ચોરીવાડના નાયબ ઇજનેર શ્રી બી. એલ. મકવાણા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

ત્યાર બાદ માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ચોરીવાડની સુંદર નવીન ઓફિસના મુખ્ય દ્વાર પર રીબીન કાપી ઉદ્‌ઘાટન કરેલ અને ઓફિસમાં પ્રવેશ કરેલ. આમંત્રિત મહેમાનોએ ઓફિસના અને ઓફિસમાં કરવામાં આવેલ ડેકોરેશનના વખાણ કરેલ. ત્યારબાદ મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર દ્વારા કંપ્લેઇન સેન્ટરના મુખ્ય દ્વાર પર રીબીન કાપી ઉદ્‌ઘાટન કરવામાં આવેલ.

બાદમાં માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ નવિન ઓફિસમાં નાયબ ઇજનેરની કેબીનમાં પ્રવેશી ખુરશીમાં બેસી કેબીનને શોભાયમાન કરેલ. સદર પ્રસંગ બાદ પધારેલ માહાનુભવોએ ચોરીવાડના ગ્રામજનોની લોકલાગણીને માન આપી ચોરીવાડ ગામની સીમમાં આવેલ ચંપેશ્વર મંદિરમાં દર્શન કરેલ. શ્રી પી. બી. પંડ્યા કાર્યપાલક ઇજનેર શ્રીના માર્ગદર્શન હેઠળ ચોરીવાડ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા સમગ્ર લોકાર્પણ કાર્યક્રમનું સુંદર આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવેલ. ■

# ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો ‘ઈન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨’




કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ દ્વારા દર વર્ષે વિવધ કેટેગરીમાં નિર્ધારીત કામગીરી માટે ભારતની વીજ કંપનીઓને એવોર્ડ્ઝથી નવાજવામાં આવે છે. તેમ આ વર્ષે પણ એવોર્ડ્ઝ માટે વીજ કંપનીઓ પાસેથી તેઓની કામગીરી માટેની માહિતી મંગાવવામાં આવેલ. જેમાં વિવિધ કેટેગરી પૈકી ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટેનાં પસંદગીનાં ધારા-ધોરણને ધ્યાનમાં લઈને ‘ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨’ યુજીવીસીએલને એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું.



તા. ૨૭-૧૨-૨૦૧૨ના રોજ સિલ્વર ઓક હોલ, ઇન્ડિયા હેબિટેટ સેન્ટર નવીદિલ્હી ખાતે પાંચમાં વર્ષે ‘ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨’ સમારંભનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેમાં સમગ્ર ભારતના વીજ ક્ષેત્રના અગ્રણીઓ, તજજ્ઞો તથા વહીવટકારો ઉપસ્થિત રહેલ.

એવોર્ડ્ઝ વિતરણ સમારંભમાં એવોર્ડ મેળવવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એસ. આર. પટેલ તથા અધિક્ષક ઇજનેર (ટેક) શ્રી એમ. જી. ભાવસાર ઉપસ્થિત રહેલ. એટોમિક એનર્જી કમિશનના સભ્ય પ્રો. એમ. આર. શ્રીનિવાસનના વરદ્ હસ્તે સદર એવોર્ડ એનાયેત કરવામાં આવેલ. આ પ્રસંગે યુ.એન.ના ભૂતપૂર્વ ઉપસચિવ (જનરલ) તેમજ TERIના ચેરમેન ડો. એ. રામચંદ્રન ઉપસ્થિત રહેલ. વીજ વિતરણ ક્ષેત્રે છેલ્લાં છ વર્ષથી કાર્યરત એવી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ પોતાની કામગીરીથી વિવિધ ક્ષેત્રોમાં અવાર-નવાર એવોર્ડ્ઝ પ્રાપ્ત કરી ગુજરાતને સમગ્ર ભારતમાં ગૌરવ આપવી દેશની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકે નામના અપાવેલ છે.

સદર એવોર્ડ પ્રાપ્ત થતાં કંપનીના કર્મચારી વર્ગમાં આનંદ સાથે ગૌરવની લાગણી વ્યક્ત થતી જોવા મળેલ. કંપનીના ચેરમેન શ્રી વી. એન. માયરા અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરેલ. ■

### ‘ઇન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૨’ માટે પસંદગી કરવા માટેની પસંદગી સમિતિના મહાનુભાવો

- શ્રી પી. અબ્રાહમ, ભૂતપૂર્વ સચિવ (ઊર્જા)
- શ્રી એચ. એલ. બજાજ, ભૂતપૂર્વ સભ્ય (યાંત્રિક) એપેલેટ ટ્રીબ્યુનલ ફોર ઇલેક્ટ્રીસીટી
- ડો. સી. આર. પ્રસાદ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, એવરેસ્ટ પાવર પ્રા. લી. અને ભૂતપૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, ગેઇલ
- ડો. એચ. આર. શર્મા, ચીફ ટેક્નિકલ પ્રેન્સિપાલ, હાઇડ્રો ટ્રોટેબેલ એન્જિનીયરીંગ પ્રા. લી. અને ભૂતપૂર્વ સભ્ય (સીઈઓ)
- શ્રી બી. રઘુરામન, ભૂતપૂર્વ સિનિયર સલાહકાર, ઊર્જા વિભાગ, કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન, ઇન્સ્ટ્રીઝ
- શ્રી સી. વી. જે. વર્મા, પ્રમુખ, કાઉન્સિલ ઓફ પાવર યુટીલીટીઝ

# નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભનું આયોજન




તારીખ ૧૯-૧૧-૨૦૧૨ના રોજ કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં આવેલ રિક્રીએશન કલબ ખાતે વિક્રમ સંવત ૨૦૬૮ની વિદાય બાદ સંવત ૨૦૬૯માં મંગલ પ્રવેશ નિમિત્તે નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવા માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના પ્રમુખ સ્થાને સ્નેહ મિલન સમારંભનું આયોજન કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એસ.આર. પટેલ, કંપની સેક્રેટરી શ્રી નીતિનકુમાર જોષી, વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી ડી. એસ. પટેલ, કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ, શ્રી એફ. એસ. બામચા, શ્રી આર. એચ. પટેલ, નાયબ મહાપ્રબંધક, અધિક્ષક ઇજનેરી ટેક્નિકલ, શ્રી એમ. જી. ભાવસારની હાજરીમાં યોજવામાં આવેલ.

જેમાં વિશાળ સંખ્યામાં યુજીવીસીએલ અને જેટકોના કર્મચારી ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ અને નૂતન વર્ષની શુભકામનાઓ એક-બીજાને પાઠવેલ. ■









# મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ઓગણજ ખાતે સેક્શન ઓફિસનું લોકાર્પણ

તા. ૦૫ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ઓગણજ ખાતે સેક્શન ઓફિસનું લોકાર્પણ કરવામાં આવ્યું.

લોકાર્પણ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર. બી. કોઠારી તેમજ સાબરમતી વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબેન દેસાઈ હાજર રહ્યા હતા.

આ શુભ પ્રસંગે કંપનીના મેનેજિંગ શ્રી એન. શ્રીવાસ્તવે જણાવ્યું કે ‘‘ગોતા, ઓગણજ, લપકામણ તેમજ નજીકના અન્ય વિસ્તારના વીજ ગ્રાહકોને બીલ ભરવા માટે અડાલજ પેટા વિભાગીય કચેરી ખાતે જવું પડતું હતું, જે ૧૦ કિલોમીટર દૂર છે, પરંતુ ઓગણજ સેક્શન ઓફિસના કારણે આ તમામ વિસ્તારના વીજ ગ્રાહકોને રાહતની લાગણી અનુભવાશે અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં તેમજ વીજ સંબંધિત વિવિધ સેવાઓ પૂરી પાડવામાં અનુકૂળતા રહેશે. તેમજ આ વિસ્તારના વીજ ગ્રાહકોને વીજ પુરવઠાથી સંબંધિત પ્રશ્નો ઝડપથી ઉકેલાય તે માટે ઓગણજ સેક્શન ઓફિસ ખોલવામાં આવી છે.’’



ઓગણજ સેક્શન ઓફિસનો સમાવેશ ગાંધીનગર વિભાગીય કચેરી હેઠળ અડાલજ પેટા વિભાગીય કચેરીમાં થાય છે. ■



# શ્રી ડી. સી. પરમાર મુખ્ય ઈજનેર (ઓપરેશન) ERDAની મેનેજિંગ કમિટીમાં સભ્ય તરીકે ચૂંટાયા

તાજેતરમાં ઇલેક્ટ્રિકલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોશિયેશન (ERDA)ની મેનેજિંગ કમિટીમાં ફારેગ થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલ જગ્યાઓ માટે 'બેલેટપત્ર'થી ચૂંટણી યોજવામાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)ની ઉમેદવારી નોંધાવેલ તા. ૬-૧૦-૨૦૧૨ પહેલા મોકલવામાં આવેલ 'બેલેટ' મતોની ગણત્રી બાદ તા. ૨૯-૧૨-૨૦૧૨ના રોજ ERDAની વાર્ષિક સામાન્ય સભામાં વિજેતા ઉમેદવાર પૈકી શ્રી ડી. સી. પરમાર, મુખ્ય



ઇજનેર (ઓપરેશન)ને વિજયી ઘોષિત કરવામાં આવેલ છે. તા. ૧-૧-૨૦૧૩થી શ્રી પરમારે મેનેજિંગ કમિટીના સભ્ય તરીકેનો કાર્યભાર સંભાળેલ છે. વિજેતા બનતા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે તેમજ કંપનીના ઉચ્ચ અધિકારી અને કર્મચારીઓએ તેઓને અભિનંદન પાઠવેલ. શ્રી ડી. સી. પરમારની નિયુક્તિને લીધે પ્રથમ વાર ERDAની મેનેજિંગ કમિટીમાં સભ્ય તરીકે યુજીવીસીએલને પ્રતિનિધિત્વ મળેલ છે. યુજીવીસીએલ પરિવાર તેઓશ્રીની ભવિષ્યની કામગીરીની સફળતા માટે શુભેચ્છા પાઠવે છે. ■

# મન જાગૃત મહિલા મંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન

તારીખ ૨૦-૧૦-૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના સહિયારા મનજાગ્રુત મહિલામંડળ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવેલ, જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ અને મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર હાજર રહીને સમગ્ર કાર્યક્રમને દિપાવ્યો હતો. મહિલાઓ ઉત્સાહભેર ગરબે ઘુમ્યાં હતાં. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય ઇજનેરશ્રીએ પણ ગરબામાં ઘુમીને ઉત્સાહ વધારેલ. ■







# સાબરમતી સર્કલ દ્વારા રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન

તારીખ ૨૩-૧૦-૨૦૧૨ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીની સાબરમતી વર્તુળ કચેરી દ્વારા રાસ-ગરબાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક અને વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ એન્ડ આઈટી) શ્રી એસ. એચ. શાહદાદપુરી તથા ઉચ્ચ અધિકારી, કર્મચારી ભાઈઓ તથા બહેનો વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. કાર્યક્રમના અંતે વિજેતાઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. ■







# ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ પ્રથમ વાર ઉત્તર ગુજરાત વીજ કંપની ચેમ્પિયન

## દક્ષિણ ગુજરાત વીજ કંપની રનર્સ–અપ

તા. ૨-૧૨-૨૦૧૨થી તા. ૩-૧૧-૨૦૧૨ દરમ્યાન મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના આણંદ સર્કલના યજમાન પદે સાતમી ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં પરંપરાગત હરીફ તેવી ડીજીવીસીએલ અને યુજીવીસીએલની ટીમોએ ફાઈનલમાં પ્રવેશ કરેલ. છેલ્લા ચાર વર્ષથી ફાઈનલમાં પ્રવેશ મેળવનાર બંને ટીમોએ જુસ્સાભેર રમતનો પરિચય આપેલ. યુજીવીસીએલ દ્વારા સીધા ત્રણ સેટમાં પરાજય આપતા છેલ્લા કેટલાક વર્ષથી જાળવી રાખેલ ચેમ્પિયનશીપનો અંત આવેલ અને યુજીવીસીએલ પ્રથમવાર વિજેતા બનીને ચેમ્પિયન થયેલ છે.

### ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં પાલનપુર ચેમ્પિયન જ્યારે હિંમતનગર ટીમ રનર્સ–અપ

ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ અગાઉ ઉત્તર ગુજરાત વીજ કંપનીની સાતમી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા સર્કલ ઓફિસના યજમાન પદે તા. ૧૩-૧૦-૨૦૧૨ના માણસા કોલેજના ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ. રસાકસીભરી ટુર્નામેન્ટમાં ફાઈનલ મુકાબલો પાલનપુર અને હિંમતનગરની ટીમો વચ્ચે થયેલ

**ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી વાય. એસ. રાવલ | જુનિ. ઈન્જિનર | રાધનપુર ડિવિઝન |
| ૨. | શ્રી વી. ડી. ચૌધરી | જુનિ. આસિ. | રાધનપુર ડિવિઝન |
| ૩. | શ્રી એચ. આર. નીનામા | હેલ્પર | હિંમતનગર (ગ્રામ્ય) સબડિવિઝન |
| ૪. | શ્રી કે. જે. કલાસવા | એએલએમ | મહેસાણા સિટી સબડિવિઝન |
| ૫. | શ્રી એમ. આર. ચૌધરી | જુનિ. આસિ. | પાલનપુર સિટી સબડિવિઝન |
| ૬. | શ્રી ડી. જે. ફેરા | હેલ્પર | લાખાણી સબડિવિઝન |
| ૭. | શ્રી આઈ. જે. ગામેતી | હેલ્પર | ખેડબ્રહ્મા સબડિવિઝન |
| ૮. | શ્રી વી. એચ. અસારી | આસી. સેક્રેટરી | હિંમતનગર કોર્પોરેટ ઓફિસ |
| ૯. | શ્રી એસ. આર. પટેલ | જુનિ. આસિ. | ઊંઝા (ગ્રામ્ય) સબ ડિવિઝન |
| ૧૦. | શ્રી ડી. કે. દામા | હેલ્પર | કડી સબડિવિઝન |







જેમાં પાલનપુરની ટીમ વિજેતા બનતા ચેમ્પિયન થયેલ છે જ્યારે હિંમતનગર ટીમનો પરાજય થતા રનર્સ-અપ થયેલ છે.

ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના નાયબ મહાપ્રબંધક શ્રી એસ. વાય ડામોરે ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ. આ પ્રસંગે મહેસાણા સર્કલ તરફથી શ્રી પી. કે. પટેલ કાર્યપાલક ઇજનેર, શ્રી આર. સી. દેસાઈ નાયબ ઇજનેર માણસાએ હાજરી આપેલ.

સમાપન સમારંભમાં મહેસાણા સર્કલ વતી શ્રી જે. કે. દરજી, નાયબ ઇજનેરે હાજરી આપેલ. ચેમ્પિયન થયેલ તેમજ રનર્સ-અપ થયેલ ટીમના વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ આપેલ. ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ ઇન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટના ખેલાડીઓની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે મહેસાણા સર્કલ દ્વારા નક્કી કરવામાં આવેલ સ્પોર્ટ્સ કમિટીના સભ્ય શ્રી વિનોદભાઈ મોદી, શ્રી કે. જે. પંડિત, શ્રી યોગેશ જેઠવા, શ્રી મનિષભાઈ હીંગુ તથા શ્રી એમ. એચ. સોલંકીભાઈએ ખૂબ જ જહેમત ઉઠાવેલ. જ્યારે ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી શૈલેશ નાયક, સ્પોર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■





**ઇન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ હિંમતનગરની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી વી. એસ. અસારી | આસિસ્ટન્ટ સેક્રેટરી | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૨. | શ્રી એલ. ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | ગામભોઈ સબડિવિઝન |
| ૩. | શ્રી એ. એસ. અસોડા | લાઈનમેન | હિમંતનગર ટાઉન સબડિવિઝન |
| ૪. | શ્રી આઈ. જે. ગામેતી | હેલ્પર | ખેડાબ્રહ્મા સબડિવિઝન |
| ૫. | શ્રી એસ. ડી. ફનેજા | ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ | ભિલોડી ડિવિઝન ઓફિસ |
| ૬. | શ્રી એચ. આર. નીનામા | હેલ્પર | હિમંતનગર (રૂરલ) સબડિવિઝન |
| ૭. | શ્રી એ. કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | ભિલોડા-૧ સબડિવિઝન |
| ૮. | શ્રી એન. એસ. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | બાયાડ સબડિવિઝન |
| ૯. | શ્રી એમ. કે. ડાભી | સિનિયર આસિસ્ટન્ટ | હિમંતનગર ટાઉન સબડિવિઝન |
| ૧૦. | શ્રી બી. એસ. ભાગોરા | સિનિયર આસિસ્ટન્ટ | મોડાસા (રૂરલ) સબડિવિઝન |







# ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામિેન્ટમાં સતત બીજા વર્ષે દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન

## જયારે યુજીવીસીએલ રનર્સ–અપ

તા. ૧૪-૧૦-૨૦૧૨ના રોજ માણસા કોલેજના ગ્રાઉન્ડ ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વિતિય ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામિેન્ટનું આયોજન મહેસાણા સર્કલ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ.

ટુર્નામિેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે કંપનીના નાયબ મહાપ્રબંધક શ્રી એસ. વાય. ડામોરે મુખ્ય મહેમાન તથા એક ખેલાડી તરીકે ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી ડામોરે કહ્યું હતું કે છેલ્લાં બે વર્ષથી શરૂ કરવામાં



| ઈન્ટર કંપની કબડ્ડી માટેમાં રનર્સ–અપ યુજીવીસીએલની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
| ૧. | શ્રી એમ. આર. અસોડા | વોચમેન | હિંમતનગર સર્કલ |
| ૨. | શ્રી એલ. ડી. પેટલ | સિનિ. આસિ. | ગોભોઈ સબડિવિઝન |
| ૩. | શ્રી એચ. આર. નિનામા | હેલ્પર | હિંમતનગર ગ્રામ્ય પેટા વિભાગ |
| ૪. | શ્રી એમ. કે. ડાભી | સિનિ. આસિ. | હિંમતનગર શહેર પેટા વિભાગ |
| ૫. | શ્રી એ. કે. ડામોર | જુનિ. આસિ. | ભિલોડા પેટ વિભાગ |
| ૬. | શ્રી આર. એમ. ચૌધરી | હેલ્પર | ડિસા ગ્રામ્ય પેટા વિભાગ |
| ૭. | શ્રી એમ. કે. પટેલ | જુનિ. આસિ. | ડિસા ગ્રામ્ય પેટા વિભાગ |
| ૮. | શ્રી પી. પી. પટેલ | હેલ્પર | દાંતા ગ્રામ્ય પેટા વિભાગ |
| ૯. | શ્રી એસ. ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહીવટ) | ભિલોડા વિભાગીય કચેરી |
| ૧૦. | શ્રી એમ. આર. લોહ | જુનિ. આસિ. | કોઠ સબડિવિઝન |
| **ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની કબડ્ડી ટુર્નામિેન્ટ ઉત્તર ગુજરાત વીજ કંપનીના નીચે જણાવેલ ખેલાડીઓ પસંદગી પામેલ છે.** | | | |
| ૧. | શ્રી એમ. આર. લોહ | જુનિ. આસિ. | કોડ સબડિવિઝન |
| ૨. | શ્રી આર. ઓમ. ચૌહાણ | હેલ્પર | ડિસા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |




આવેલ કબડ્ડીની રમતમાં આપણી કંપની રનર્સ-અપ થયેલ છે, જેમાં પ્રગતિ સાધી ચેમ્પિયન બને તેવી રમત દર્શાવવા અનુરોધ કરેલ. દિપ પ્રાગટ્ય કર્યા બાદ ટુર્નામેન્ટને ખુલ્લી મુકેલ.

સમાપન સમારંભમાં ચેમ્પિયન તથા રનર્સ-અપ બનેલ ટીમના ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ એનાયત કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ બાદ વર્ષ ૨૦૧૨-૧૩ના કેલેન્ડર અન્વયે તારીખ ૨૭-૧૦-૨૦૧૨ના સુરત ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના યજમાન પદે રમાયેલ ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં ખૂબ જ રસાકસીભરી ફાઇનલ પરંપરાગત હરીફ યુજીવીસીએલ અને ડીજીવીસીએલ વચ્ચે રમાયેલ જેમાં ડીજીવીસીએલ સતત બીજા વર્ષે ચેમ્પિયન થયેલ છે. જ્યારે યુજીવીસીએલ સતત બીજા વર્ષે રનર્સ-અપ થયેલ છે. ઉદ્‌ઘાટન સમારંભમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ.એસ. પટેલે ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ, પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પટેલે છોટુભાઈ પુરાણી દ્વારા વર્ષો પહેલાં વ્યાયમ શાળાઓ દ્વારા નાગરિકોના સ્વાસ્થ્ય અંગે કરેલ ચિંતનની નોંધ લઈ સ્વસ્થ કર્મચારી સ્વસ્થ કંપનીની કામગીરીમાં નોંધપાત્ર ફાળો આપી શકે તેવું જણાવેલ. તેમજ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક રમાય તે માટે તમામ ખેલાડીઓને અપીલ કરી કામીયાબી શુભેચ્છા પાઠવી, દીપ પ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટને ખુલ્લી મુકેલ. ■

**ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ હિંમતનગરની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એચ. આર. નિનામા | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. હિંમતનગર |
| ૨. | શ્રી એલ. ડી. પટેલ | સિનિ. આસિ. | પેટા વિભાગીય કચેરી ગાંભોઈ |
| ૩. | શ્રી એ. એસ. અસોડા | લાઇનમેન | શહેર પે.વિ.ક. હિંમતનગર |
| ૪. | શ્રી એ. કે. ડામોર | જુનિ.આસી. | પેટા વિભાગીય કચેરી ભિલોડા-૧ |
| ૫. | શ્રી એમ. આર. અસોડા | વોચમેન | વર્તુળ કચેરી હિંમતનગર |
| ૬. | શ્રી એસ. ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી ભીલોડા |
| ૭. | શ્રી આર. એસ. કટારા | નાયબ અધિક્ષક (હિસાબ) | વિભાગીય કચેરી તાલોદ |
| ૮. | શ્રી એમ. કે. ડાભી | સિનિ. આસિ. | શહેર પે.વિ.ક. હિંમતનગર |
| ૯. | શ્રી એ. કે. વરસાત | હેલ્પર | પેટા વિભાગીય કચેરી ટીટોઈ |
| ૧૦. | શ્રી બી. આર. ઝાલા | ડ્રાઈવર | વિભાગીય કચેરી ઈડર |

**ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ પાલનપુરની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી આર.એસ. માજીરાણા | પટાવાળા | પે.વિ.ક. ઈકબાલગઢ |
| ૨. | શ્રી આર. એમ. ચૌધરી | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. ડીસા |
| ૩. | શ્રી પી. પી. પટેલ | હેલ્પર | ગ્રામ્પ પે.વિ.ક. દાંતા |
| ૪. | શ્રી આર. ડી. ચૌહાણ | લાઇનમેન | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| ૫. | શ્રી એ. એ. રાઠોડ | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| ૬. | પી. વી. પટેલ | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| ૭. | શ્રી એસ. કે. સુવેરા | હેલ્પર | ગ્રામ્ય પે.વિ.ક. દાંતા |
| ૮. | શ્રી આઈ. જી. જગાણી | સિનિ. આસિ. | વિભાગીય કચેરી પાલનપુર-૨ |
| ૯. | શ્રી પી. એસ. પ્રજાપતિ | હેલ્પર | પે.વિ.ક. ગઢ |
| ૧૦. | શ્રી એમ. કે. પટેલ | જુનિ. આસિ. | ગ્રામ્ય પે.વિ.ક. ડિસા |






# ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હિંમતનગર ચેમ્પિયન, પાલનપુર રનર્સ અપ


ચેમ્પિયન હિંમતનગરની ટીમ

મહેસાણાની ગણપત યુનિવર્સિટી, ખેરવા ખાતે તા. ૭થી ૯ ડિસેમ્બર ૨૦૧૨ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપનીની સાતમી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા સર્કલ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ. કંપનીના તાબા હેઠળના કુલ પાંચ યુનિટો જેવા કે, મહેસાણા સર્કલ, હિંમતનગર સર્કલ, સાબરમતી સર્કલ, પાલનપુર સર્કલ તેમજ કોર્પોરેટ ઓફિસની ટીમોએ ભાગ લીધેલ. તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ ટુર્નામેન્ટનો ફાઇનલ મુકાબલો પરંપરાગત હરીફ પાલનપુર અને હિંમતનગર સર્કલની ટીમો વચ્ચે થયેલ. જેમાં હિંમતનગર સર્કલની ટીમ ચેમ્પિયન થયેલ છે, જ્યારે પાલનપુર રનર્સ-અપ થયેલ છે.

તા. ૭ ડિસેમ્બરના રોજ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમારના વરદ હસ્તે શ્રી એચ. એમ. પટેલ, ડાયરેક્ટર ગણપત યુનિવર્સિટી, મહેસાણા સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી એમ. કે. રાઠોડની હાજરીમાં દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલ. શ્રી રાઠોડે સ્વાગત પ્રવચન કરેલ.





જ્યારે પ્રાસંગિક પ્રવચનમાં કંપનીના મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમારે કંપની દ્વારા કરવામાં આવી રહેલ રમતગમતની પ્રવૃત્તિઓ દ્વારા 'સ્પોર્ટ્સ મેન' સ્પીરીટની ભાવના ભાગ લેનાર કર્મચારીઓમાં ઉદ્‌ભવે અને કામમાં પણ તેનું પ્રતિબિંબ જોવા મળે તેવું વર્તન રાખવા અનુરોધ કરી તમામ ભાગ લેનાર ટીમોને શુભેચ્છા પાઠવેલ.

આ પ્રસંગે કંપનીના ગત વર્ષે ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડી સ્વર્ગસ્થ અજય દરજી, જુનિયર ઇજનેર કોર્પોરેટ ઓફિસ મહેસાણાને શ્રદ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવેલ. ત્યારબાદ ગ્રાઉન્ડ ઉપર જઈને મુખ્ય ઇજનેર દ્વારા ક્રિકેટ રમીને ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. પ્રારંભિક મેચ મહેસાણા સર્કલ અને મહેસાણા કોર્પોરેટ ઓફિસ વચ્ચે રમાઈ હતી. તેના ખેલાડીઓના પરિચય મળવેલ અને શ્રી ડી. સી. પરમાર દ્વારા ટોસ ઉછાળી મેચ શરૂ કરવામાં આવેલ.

### પ્રથમ મેચ : તા. ૭-૧૨-૨૦૧૨

મહેસાણા સર્કલ અને મહેસાણા કોર્પોરેટ ઓફિસ વચ્ચે રમાયેલ ૨૦ ઓવરની મેચમાં પ્રથમ દાવ લેતા મહેસાણા સર્કલ દ્વારા ૧૭૭ રન કરેલ.


રનર્સ-અપ પાલનપુરની ટીમ

**ટુર્નામેન્ટના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ટ્રોફીથી સન્માનિત ખેલાડીઓ**

| ક્રમ | નામ | ઉત્કૃષ્ટ પ્રદર્શન | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી વી. આર. બારોટ | બેસ્ટ બોલર | જુનિ. એન્જિનીયર, ઇડર વિભાગીય કચેરી |
| ૨. | શ્રી જે. ડી. ચૌધરી | બેસ્ટ બેટ્સમેન | જુનિ.આસી. ખેરાલુ પેટા વિભાગીય કચેરી |
| ૩. | શ્રી ભાવેશ ડી. પટેલ | બેસ્ટ ઓલરાઉન્ડર | જુનિ. ઇજનેર હિંમતનગર ગ્રામ પે.વિ.ક. |
| ૪. | શ્રી ભાવેશ ડી. પટેલ | મેન ઓફ ધ મેચ, ફાઇનલ | જુનિ. ઇજનેર હિંમતનગર ગ્રામ પે.વિ.ક. |

| ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદ પામેલ યુજીવીસીએલની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
| ૧. | શ્રી આર. એન. પરમાર (કેપ્ટન) | જુનિ. ઈનપુટ-આઉટપુર | મહેસાણા સર્કલ ઓફિસ |
| ૨. | શ્રી વી. આર. બારોટ | જુનિ. એન્જિ. | ઇડર વિભાગીય કચેરી |
| ૩. | શ્રી બી. ડી. પટેલ | જુનિ. એન્જિ. | હિંમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |
| ૪. | શ્રી એ. એ. ખણુસીયા | જુનિ. એન્જિ. | હિંમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |
| ૫. | શ્રી એચ. એમ. રાવલ | જુનિ. આસિ. | હિંમતનગર વિભાગીય કચેરી |
| ૬. | શ્રી વી. જે. પગી | જુનિ. આસિ. | માલપુર પેટા વિભાગીય કચેરી |
| ૭. | શ્રી ઝેડ. ઝેડ. સૈયદ | જુનિ. આસિ. | પાલનપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |
| ૮. | શ્રી બી. જી. કોએટીયા | જુનિ. આસિ. | ડિસા વિભાગીય કચેરી-૨ |
| ૯. | શ્રી એ. એ. ચૌહાણ | જુનિ. આસિ. | પાલનપુર શહેર પેટા વિભાગીય કચેરી |
| ૧૦. | શ્રી વાય. એસ. રાવલ | જુનિ. ઈજનેર | રાધનપુર વિભાગીય કચેરી |
| ૧૧. | શ્રી જે. ડી. ચૌધરી | જુનિ. આસિ. | ખેરાલુ પેટા વિભાગીય કચેરી |
| ૧૨. | શ્રી પી. પી. પ્રજાપતી | લાઇન હેલ્પર | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ પેટા વિભાગીય કચેરી |
| ૧૩. | શ્રી એચ. સી. પઢીયા | લાઇન હેલ્પર | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ પેટા વિભાગીય કચેરી |
| ૧૪. | શ્રી અંકિત એચ. ચાંપાનેરી | જુનિ. ઈજનેર (વી. એસ.) | કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
| ૧૫. | શ્રી એન. બી. ઝાલા | જુનિ. આસિ. | કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
| ૧૬. | શ્રી બી. એમ. જોષી | જુનિ. આસિ. | કલોલ પેટા વિભાગીય કચેરી |
| સ્ટેન્ડ બાય ખેલાડીઓની યાદી | | | |
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
| ૧. | શ્રી કે. એમ. પ્રજાપતી | જુનિ. આસિ. | તલોદ વિભાગીય કચેરી (લેબ) |
| ૨. | શ્રી નરેશ સોલંકી | જુની આસી. | ડિસા વિભાગીય કચેરી-૨ |
| ૩. | શ્રી વાય. ડી. જેઠવા | જુનિ. આસિ. | માણસા પેટા વિભાગીય કચેરી |
| ૪. | શ્રી ડી. એ. ચૌહાણ | જુનિ. આસિ. | જોટાણ પેટા વિભાગીય કચેરી |
| ૫. | શ્રી ડી. ડી. રાઠોડ | જુનિ. આસિ. | પાલનપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |
| ૬. | શ્રી એમ. આર. ચૌહાણ | જુનિ. આસિ. | પાલનપુર શહેરી પેટા વિભાગીય કચેરી |

જેમાં શ્રી પી. પી. પ્રજાપતિના ૩૮, શ્રી જયેશ ચૌધરીના ૫૧ અને શ્રી આર. એન. પરમારના અણનમ ૨૯ રન મુખ્ય હતા. જ્યારે શ્રી નરેન્દ્રસિંહ ઝાલાએ ચાર ઓવરમાં ૨૯ રન આપી બે વિકેટ લીધેલ. જેના જવાબમાં કોર્પોરેટ ઓફિસની ટીમ ૭૮ રનમાં ઓલ આઉટ થતાં તેનો ૯૯ રને પરાજય થયેલ. જેમાં હરેશ પઢિયારે ૪ વિકેટ તેમજ જયેશ ચૌધરીએ ૩ વિકેટ લીધેલ.

### બીજી મેચ : તા. ૮-૧૨-૨૦૧૨

હિંમતનગર સર્કલ અને સાબરમતી સર્કલ વચ્ચે રમાયેલ પ્રથમ સેમિફાઇનલમાં ટોસ જીતીને સાબરમતી સર્કલે પ્રથમ બેટિંગ કરતા તેમનો દાવ ૬૯ રનમાં પૂરો થયો. જેમાં શ્રી એસ. એલ. પટેલે ગગનચુંબી સિક્સર ફટકારી ૨૫ બોલમાં ૨૧ રન ફટકારેલ. જ્યારે હિંમતનગર તરફથી શ્રી વી. જે. પગીએ બે ઓવરમાં પાંચ રન આપીને ત્રણ વિકેટ ઝડપેલ. જ્યારે બીજી બેટિંગ કરતી હિંમતનગરની ટીમે માત્ર ૧૧.૫ ઓવરમાં શ્રી ભાવેશ પટેલના અણનમ ૩૦ રન સાથે સાત વિકેટે વિજય પ્રાપ્ત કરેલ.

### ત્રીજી મેચ : તા. ૮-૧૨-૨૦૧૨

બપોર પછીના સેશનમાં બીજી સેમિફાઇનલ પાલનપુર અને મહેસાણા સર્કલ વચ્ચે રમાયેલ. જેમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં


ચેમ્પિયન


રનર્સ-અપ


બેસ્ટ બોલર


બેસ્ટ બેટ્સમેન


મેન ઓફ ધ મેચ, ફાઈનલ
બેસ્ટ ઓલરાઉન્ડર

પાલનપુરની ટીમે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે કુલ ૧૩૦ રન કરેલ જેમાં શ્રી ઝાકીર સૈયદના ૨૫ રન, શ્રી નરેશ સોલંકીના ૩૭ રન તથા શ્રી ભરત કોએટીયાના ૨૮ રન મુખ્ય હતા. જ્યારે મહેસાણા મેચમાં અંકીત ચાવડીએ ત્રણ ઓવરમાં ૧૨ રન આપી ૨ વિકેટ મેળવેલ.

જેના જવાબમાં મહેસાણા સર્કલની પૂરી ટીમ ૧૦૯ રનમાં ઓલ આઉટ થતા તેઓને ૨૧ રને પરાજય થયેલ. જેમાં શ્રી જયેશ ચૌધરીના ૩૬ રન મુખ્ય હતા. પાલનપુર સર્કલ તરફથી મહેશ ચૌધરીએ ચાર ઓવરમાં ૨૫ રન આપી બે વિકેટ, તેમજ શ્રી નરેશ સોલંકીએ ત્રણ ઓવરમાં પંદર રન આપી ત્રણ વિકેટ લીધેલ.

**ફાઈનલ મેચ : તા. ૯-૧૨-૨૦૧૨**

૪૦ ઓવરની ફાઈનલ મેચ હિંમતનગર અને પાલનપુર સર્કલ વચ્ચે રમાયેલ જેમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં પાલનપુરની ટીમ ૧૦૬ રન કરીને માત્ર ૨૭.૫ ઓવરમાં ઓલઆઉટ થયેલ જેમાં શ્રી યેશષ રાવલના ૩૭ રન તથા શ્રી આરીફ ચૌહાણના ૨૫ રન મુખ્ય હતા.

જ્યારે હિંમતનગર તરફથી વિક્રમ બારોટે સાત ઓવરમાં એક મેઈડન નાખી ચાર વિકેટ ઝડપેલ. જ્યારે શ્રી વી. એચ. પગીએ બે ઓવરમાં દસ રન આપીને ત્રણ વિકેટ લિધેલ. બીજી બેટિંગ કરતાં હિંમતનગરની ટીમે ૨૫.૩ ઓવરમાં શ્રી ભાવેશ પટેલના ૬૧ રન આગમન સાથે ૧૦૯ રન ત્રણ વિકેટે પૂર્ણ કરતાં હિંમતનગરનો સાત વિકેટથી ભવ્ય વિજય થયયો હતો. આ ટીમ ઘણાં વર્ષો બાદ ચેમ્પિયન બનેલ છે.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં નાયબ મહાપ્રબંધક શ્રી એસ. વાય. ડામોર દ્વારા ચેમ્પિયન તથા રનર્સ-અપ ટીમના ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ એનાયત કરેલ. રાજકોટ ખાતે રમાનાર ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ખેલાડીઓને અભિનંદન પાઠવી ભાવિ ટુર્નામેન્ટ માટે શુભેચ્છા પાઠવેલ. મુખ્ય પસંદગીકાર તરીકે શ્રી રાકેશ મકવાણા કે જેઓ ગુજરાતની 'ટ્વેન્ટી' ટીમના ખેલાડી છે તેઓએ સેવા આપેલ. જ્યારે ગુજરાત ક્રિકેટ એસોસીએસનના માન્ય અમ્પાયર શ્રી બીપીનભાઈ મકવાણા તથા શ્રી પ્રદ્યુમનસિંહ જાવેદે સેવાઓ આપેલ. જ્યારે ગુજરાતના જાણીતા સ્કોરર શ્રી ઓમપ્રકાશે સ્કોરીંગ કરેલ. ગણપત યુનિવર્સિટીના સત્તાવાળાઓ દ્વારા રહેવા તથા રમવા માટે સંપૂર્ણ સહયોગ આપેલ. શ્રી શૈલેશ નાયક, સ્પોટ્ર્સ સેક્રેટરીએ ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન તથા સમારંભનું સંકલન કરેલ. મહેસાણા સર્કલની સ્પોટ્ર્સ કમિટી દ્વારા સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ. ■

**ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ હિંમતનગર સર્કલની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી વી. આર. બારોટ | જુનિ. આસિ. | ઈડર વિ.કા. |
| ૨. | શ્રી બી. ડી. પટેલ | જુનિ. ઈજનેર | હિંમતનગર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૩. | શ્રી એ. એ. ખણુશીયા (કેપ્ટન) | જુનિ. ઈજનેર | હિંમતનગર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૪. | શ્રી એચ. એમ. રાવલ | જુનિ. આસિ. | હિંમતનગર વિ.કા. |
| ૫. | શ્રી પી. બી. પટેલ | જુનિ. આસિ. | ઈડર ડિવિઝન |
| ૬. | શ્રી પી. આર. પરીખ | જુનિ. આસિ. | ખેડબ્રહ્મા સબડિવિઝન |
| ૭. | શ્રી એચ. પી. સુથાર | હેલ્પર | મોડાસા શહેર પે.વિ.ક. |
| ૮. | શ્રી વી. જે. પગી | જુનિ. આસિ. | માલપુર પે.વિ.ક. |
| ૯. | શ્રી આર. એ. ઠાકોર | જુનિ. આસિ. | મોડાસા ડિવિઝન |
| ૧૦. | શ્રી આર. એમ. મહેતા | જુનિ. આસિ. | ઈડર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૧૧. | શ્રી એસ. એસ. ઠાકોર | જુનિ. આસિ. | ઈડર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૧૨. | શ્રી એ. એચ. શર્મા | જુનિ. આસિ. | હિંમતનગર વિ.કા. |
| ૧૩. | શ્રી આર. વી. ઓડ | જુનિ. ઈજનેર | પાતીજ પે.વિ.ક. |
| ૧૪. | શ્રી એ. બી.જોષી | જુનિ. આસિ. | તલોદ વિ.કા. |
| ૧૫. | શ્રી કે. એમ. પ્રજાપતિ | જુનિ. આસિ. | તલોદ વિ. કા. (લેબ) |
| ૧૬. | શ્રી કે. કે. રાઠોડ | જુનિ. આસિ. | પ્રાંતીજ પે.વિ.ક. |

**ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રર્નસ-અપ થયેલ પાલનપુર સર્કલની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી કે. બી. પુરોહિત (કેપ્ટન) | જુનિ. આસિ. | પાલનપુર વિ.કા.-૧ |
| ૨. | શ્રી એન. એ. સોલંકી (વા.કેપ્ટન) | જુનિ. આસિ. | ડિસા વિ.કા.-૨ |
| ૩. | શ્રી એસ. એલ. ઝોપે (વિ.કીપર) | સિનિ. આસિ. | પાલનપુર વ.ક. |
| ૪. | શ્રી એચ. કે. રાવલ | જુનિ. આસિ. | દિયોદર પે.વિ.ક. |
| ૫. | શ્રી ઝેડ. ઝેડ. સૈયદ | જુનિ. આસિ. | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૬. | શ્રી બી. જી. કોએટીયા | જુનિ. આસિ. | ડિસા વિ.કા.-૨ |
| ૭. | શ્રી કે. જે. ગાંધી | જુનિ. ઈજનેર | થરા પે.વિ.ક. |
| ૮. | શ્રી એ. એ. ચૌહાણ | જુનિ. આસિ. | પાલનપુર શહેર પે.વિ.ક. |
| ૯. | શ્રી વાય. એસ. રાવલ | જુનિ. ઈજનેર | રાધનપુર વિ.કા. |
| ૧૦. | શ્રી બી. બી. ગેલોત | જુનિ. આસિ. | ડિસા ગ્રામ્ય પે.વિ.કા.-૨ |
| ૧૧. | શ્રી એસ. કે. રાવલ | જુનિ. આસિ. | દીઓદર પે.વિ.ક.-૧ |
| ૧૨. | શ્રી ડી. ડી. રાઠોડ | જુનિ. આસિ. | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૧૩. | શ્રી વી. એચ. પ્રજાપતી | હેલ્પર | પાલનપુર હાઈવે પે.વિ.ક. |
| ૧૪. | શ્રી એમ. આર. ચૌધરી | જુનિ. આસિ. | પાલનપુર શહેર પે.વિ.કે. |
| ૧૫. | શ્રી કે. જી. ચૌધરી | જુનિ. આસિ. | પાલનપુર ગ્રામ્ય પે.વિ.ક. |
| ૧૬. | શ્રી આર. ડી. ચૌહાણ | લાઈનમેન | દાંતા પે.વિ.ક. |

# સાતમી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સીંધી, નાયબ ઈજનેર કોર્પોરેટ ઓફિસ મહેસાણા





તા. ૪-૧૧-૨૦૧૨ના રોજ સાતમી ઈન્ટર સર્કલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા સર્કલ ઓફિસના યજમાન પદે ગણપત યુનિવર્સિટી ખેરવા ખાતે કરવામાં આવેલ. સિંગલ્સ ટુર્નામેન્ટના ફાઈનલ મુકાબલો કોર્પોરેટ ઓફિસના નાયબ ઈજનેર શ્રી કમલ સીંઘી તથા કાર્યપાલ ઈજનેર, ગાંધીનગર શ્રી બી. પી. બુચ વચ્ચે થયેલ જેમાં શ્રી કલમ સીંઘી ચેમ્પિયન થયેલ છે. જ્યારે શ્રી બી. પી. બુચ રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટને અંતે વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ અર્પણ કરવામાં આવેલ. મહેસાણા સર્કલની સ્પોર્ટ્સ કમિટી દ્વારા ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરવામાં આવેલ. ટુર્નામેન્ટ બાદ ઈન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટ માટે ૪ ખેલાડીઓની પસંદગી હાથ ધરવામાં આવેલ.






**ઈન્ટ કંપની ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી કે.એસ. સિંઘી | ડેપ્યુટી એન્જિનીયર | રજીસ્ટ્ર ઓફિસ, મહેસાણા |
| ૨. | શ્ર બી.પી. બુચ | એક્ઝિક્યુટીવ એન્જિનીયર | ગાંધીનગર ડિવિઝન |
| ૩. | શ્રી એસ.એમ. દલવાડી | ડેપ્યુટી એન્જિનીયર | દિયોદર સબડિવિઝન-૧ |
| ૪. | શ્રી વી.એચ. ઠક્કર | ડેપ્યુટી એન્જિનીયર | એ.એલ.ડી.સી., ગાંધીનગર |
| ૫. | શ્રી જે.એમ. સૈયદ | સિનિ. આસિ. | પાલનપુર ડિવિઝન-૧ |
| **સ્ટેન્ડ બાય પ્લેયર** | | | |
| ૧. | શ્રી પી.આઈ. વાવડીયા | જુનિ. આસિ. | આર.ઓ.મહેસાણા સર્કલ ઓફિસ |
| ૨. | શ્રી આર.એન. પરમાર | જુનિ. ઈન-પુટ આઉટ-પુટ | મહેસાણા કોર્પોરેટ ઓફિસ |

**ઈન્ટર કંપની ટેનિસ ટુર્નામેન્ટનું પરિણામ**

| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી કે.એસ. સિંઘી | ડેપ્યુટી એન્જિનીયર | આર.ઓ. મહેસાણા | સિંગલસ ચેમ્પિયન |
| ૨. | શ્રી બી.પી. બુચ | એક્ઝિક્યુટીવ એન્જિનીયર | ગાંધીનગર વિભાગીય કચેરી | સિંગલ્સ રનરઅપ |
| ૩. | શ્રી કે.એસ. સિંઘી | ડેપ્યુટી એન્જિનીયર | આર. ઓ. મહેસાણા | ડબલ્સ ચેમ્પિયન |
| ૪. | શ્રી પી.આઈ. વાવડીયા | જુનિ. આસિ. | આર.ઓ. મહેસાણા | ડબલ્સ ચેમ્પિયન |
| ૫. | શ્રી બી.પી. બુચ | એક્ઝિક્યુટીવ એન્જિનીયર | ગાંધીનગર વિ.ક. | ડબલ્સ રનરઅપ |
| ૬. | શ્રી વી.એચ. ઠાકર | ડેપ્યુટી એન્જિનીયર | એ.એલ.ડી.સી.ગાંધીનગર | ડબલ્સ રનરઅપ |

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ




- વીજમથકનું સ્થાપન કરતાં લાગે... પૂરાં ૫ વર્ષ
- વીજ વિતરણનું આયોજન કરતાં લાગે... પૂરાં ૧ વર્ષ
- વીજબચતનું આયોજન કરતાં લાગે... પૂરો ૧ મહિનો
- વીજબચતની સમજ આપતાં લાગે...પૂરો ૧ કલાક

# પરંતુ વીજળી બચાવવામાં

# લાગે માત્ર ૦૧ સેકંડ

## વીજ બચત સપ્તાહ

તા. ૧૪-૧૨-૨૦૧૨

તા. ૨૧-૧૨-૨૦૧૨

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com